# NMMS પરીક્ષા – 20/12/2025

**વિદ્યાર્થીનું નામ :** ______________________ **સીટ નંબરઃ** __________

**તારીખ : 25-07-2025** **TEST NO: 01** **કુલ ગુણ : 15**

**ધોરણ : 7 વિજ્ઞાન**
**પ્રકરણ નં. 1 અને 2**
**વનસ્પતિ અને પ્રાણીઓમાં પોષણ**

**સહીઃ .** ______________ **મેળવેલ ગુણઃ** __________

❖ **નીચેના પ્રશ્નોની સૂચના પ્રમાણે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

**1. પ્રકાશસંશ્લેષણની પ્રક્રિયા માટે જરૂરી ઘટકો જણાવો.**
(A) ઑક્સિજન અને પાણી
(B) કાર્બન ડાયૉક્સાઈડ અને પાણી
(C) કાર્બન ડાયૉક્સાઈડ, પાણી, ક્લોરોફિલ અને સૂર્યઊર્જા
(D) નાઈટ્રોજન અને પાણી

**2. નીચેનામાંથી કયું વાક્ય અસંગત છે ?**
(A) પરપોષી પોતાનો ખોરાક જાતે તૈયાર કરી શકતા નથી.
(B) અમરવેલ પરોપજીવીનું ઉદાહરણ છે.
(C) લીલી વનસ્પતિ મૃતોપજીવી છે.
(D) દાળ એ કઠોળ વર્ગની વનસ્પતિમાંથી મેળવવામાં આવે છે.

**3. કયાં બેક્ટેરિયા વાતાવરણમાંના નાઈટ્રોજનને દ્રવ્ય સ્વરૂપમાં ફેરવી વનસ્પતિને પૂરો પાડે છે ?**
**(i) એઝોટોબેક્ટર** **(ii) રાઈઝોબિયમ**
**(iii) લેક્ટોબેસિલસ** **(iv) ઈ કોલાઈ**
(A) (i), (ii) (B) (ii), (iii) (C) (ii), (iv) (D) આપેલ તમામ

**4. નીચે આપેલા પાચનના તબક્કાનો યોગ્ય ક્રમ જણાવો.**
**(1) પાચન (2) અંતઃગ્રહણ (3) શોષણ**
**(4) સ્વાંગીકરણ (5) મળત્યાગ**
(A) 1, 2, 3, 4, 5 (B) 2, 1, 3, 4, 5
(C) 5, 4, 3, 2, 1 (D) 2, 1, 4, 3, 5

**5. જીભના સ્વાદ પારખવાના ગુણને આધારે જીભના અગ્રથી પશ્ચ ભાગ તરફ જતાં સ્વાદનો સાચો ક્રમ કયો છે ?**
(A) ખારો–ખાટો–કડવો–ગળ્યો (B) ગળ્યો–ખાટો–ખારો–કડવો
(C) ગળ્યો–ખારો–ખાટો–કડવો (D) ખાટો–ગળ્યો–કડવો–ખારો

**6.**

| વિભાગ–અ | વિભાગ–બ |
|---|---|
| 1. જઠર | A. સ્ટાર્ચનું શર્કરામાં રૂપાંતર |
| 2. યકૃત | B. ઍસિડનો સ્ત્રાવ |
| 3. લાળગ્રંથિ | C. પિત્તરસનો સ્ત્રાવ |
| 4. નાનું આંતરડું | D. પાચનપૂર્ણ |

(A) 1–B, 2–C, 3–A, 4–D (B) 1–C, 2–B, 3–A, 4–D
(C) 1–B, 2–A, 3–C, 4–D (D) 1–B, 2–C, 3–D, 4–A

**7. સજીવો દ્વારા ખોરાક ગ્રહણ કરવાની અને શરીર દ્વારા તેને ઉપયોગમાં લેવાની ક્રિયાને શું કહે છે**
(A) ઊર્જા (B) કોષ (C) પોષક (D) પોષણ

**8. પર્ણોમાં લીલું રંજકદ્રવ્ય આવેલું હોય તેને __________ કહે છે.**
(A) કોષ (B) કોષરસપટલ
(C) હરિતદ્રવ્ય (D) પર્ણરંધ્ર

**9. મધમાખી અને હમિંગ બર્ડ પોતાનો ખોરાક કેવી રીતે ગ્રહણ કરે છે ?**
(A) ચાવીને (B) ગળીને (C) ચૂસીને (D) ખોતરીને

**10. આપણે દાંત વડે કોઈ વસ્તુને કાપવા અને બચકું ભરવા કયા દાંતનો ઉપયોગ કરીએ છીએ ?**
(A) અગ્ર દાઢ (B) મોટી દાઢ (C) રાક્ષી દાંત(D) છેદક દાંત

**11. ગાય, ભેંસ જેવા પ્રાણીઓ ખોરાક ગળી જાય છે અને અમુક ભાગમાં સંગ્રહ કરે છે તેને શું કહે છે ?**
(A) રૂમેન (B) જઠર
(C) આમાશય (D) વિકલ્પ (A) અને(C) બંને

**12. સ્વાદુપિંડ : સ્વાદુરસ :: યકૃત : ___?___**
(A) લાળરસ (B) પિત્તરસ (C) ઈન્સ્યુલિન (D) સ્ટાર્ચ

**13. અમીબામાં ખોરાકનું પાચન શેમાં થાય છે ?**
(A) અન્નધાની (B) અંતઃગ્રહણ
(C) કોષકેન્દ્ર (D) ખોટા પગ

**14. નીચેનાંમાંથી કયું વિધાન સાચું નથી ?**
(A) રાઈઝોબિયમ એક પ્રકારની ફૂગ છે.
(B) કળશપર્ણ કીટાહારી વનસ્પતિ છે.
(C) મશરૂમ મૃતોપજીવી વનસ્પતિ છે.
(D) લાઈકેનમાં લીલ અને ફૂગનું સહજીવન જોવા મળે છે.

**15. પ્રોટીનનું પાચન થઈ કેવો સરળ પદાર્થ બને છે ?**
(A) ઍમિનો ઍસિડ (B) ફૅટિ ઍસિડ
(C) સેલ્યુલોઝ (D) ગ્લુકોઝ


LIVEWORKSHEETS